॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com


**૧૧ જાન્યુઆરી ૨૦૨૬** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૧૩

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે?** **(૫)**

૧. પાયપુચ્છણેણં **રજોહરણ – ગુચ્છાથી** **બારમું વ્રત**

૨. ઓહાસણભિક્ખાએ **વિશિષ્ટ વસ્તુ માગીને ભિક્ષા લેવા વડે** **બીજું શ્રમણસૂત્ર**

૩. મયટ્ઠાણેહિં **મદના સ્થાનથી** **ચોથું શ્રમણસૂત્ર**

૪. અણુપાલિયં **પાલન કરેલ** **સામાયિકનો આઠમો પાઠ**

૫. નેઆઉયં **ન્યાયયુક્ત છે** **પાંચમું શ્રમણસૂત્ર**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૩)**

૧. રાયહાણી અને ગાથાપતિ એટલે શું?

**રાયહાણી – રાજધાની. જ્યાં રાજા સ્વયં રહેતો હોય તે. ગાથાપતિ – શેઠ.**

૨. સામાયિક આવશ્યકથી શું લાભ થાય છે? **સામાયિક આવશ્યકથી સાવદ્યયોગની નિવૃત્તિ થાય.**

૩. બાર અંગસૂત્રની રચના કોણ કરે છે? તેમને કેટલું જ્ઞાન હોય છે? **ગણધર, ૧૪ પૂર્વનું જ્ઞાન.**

**(૩) માત્ર સંખ્યા લખો.** **(૨)**

૧. રત્નની જીવાયોનિ **૭ લાખ** ૨. સંયમના પ્રકાર **૧૭**

૩. વૈક્રિય શરીરસંબંધી અબ્રહ્મચર્ય **૯** ૪. ઉત્તમ **૪**

**પ્ર.૨ (અ) દશવૈકાલિક સૂત્રના આધારે લખો.** **(૨૫)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. એમેએ **સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો ।**

**વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણે** રયા ॥

**અર્થ : તે જ પ્રકારે લોકમાં જે મુક્ત શ્રમણો સાધુ છે તે દાતા પાસેથી એષણિક – ૪૨ દોષ રહિત આહારપાણી શોધવામાં રક્ત (લીન) રહે છે જેમ ભમરો પુષ્પોના રસમાં રક્ત (લીન) રહે છે.**

૨. પક્ખંદે **જલિયં જોઇં, ધૂમકેઉં દુરાસયં ।**

**ણેચ્છંતિ વંતયં ભોત્તું, કુલે જાયા** અગંધણે ॥

**અર્થ : અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો, દુસહ્ય, અતિ પ્રજ્વલિત અને જેમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા છે તેવી પ્રચંડ અગ્નિમાં પડવું પસંદ કરે છે, પણ વમેલા વિષને ફરીથી પીવા ઇચ્છતા નથી.**

૩. **સવ્વ મેયમણાઇણ્ણં, ણિગ્ગંથાણ મહેસિણં ।**

**સંજમમ્મિ ય જુત્તાણં, લહુભૂય** વિહારિણં ॥

**અર્થ : સંયમ અને તપથી યુક્ત તથા વાયુની જેમ અપ્રતિબંધ વિહારી નિર્ગ્રંથ મહાત્માઓને આ સર્વે અનાચીર્ણ છે, એટલે કે આચરવા યોગ્ય નથી.**

૪. સંજમે **સુટ્ઠિ અપ્પાણં, વિપ્પમુક્કાણ તાઇણં ।**

**તેસિમેયમણાઇણ્ણં, ણિગ્ગંથાણ** મહેસિણં ॥

**અર્થ : સંયમમાં સુસ્થિત, સંસારની સર્વ આસક્તિથી મુક્ત થયેલા, પોતાના આત્માની અને છ કાયના જીવોની રક્ષા કરનારા, તે નિર્ગ્રંથ જે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત છે, તેવા મહર્ષિઓને આ અનાચીર્ણ એટલે કે ન આચરવા યોગ્ય છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(૬)**

૧. ૫ થી ૮ અનાચારના અર્થ લખો. **૫) રાઇભત્તે – રાત્રિભોજન ૬) સિણાણે – સ્નાન ૭) ગંધે – સુગંધી ચીજો વાપરવી ૮) મલ્લં – ફૂલની માળા વગેરે પહેરવા.**

૨. ત્યાગી કોણ નથી? **જે પરવશપણે તેમજ નહીં મળવાથી સુંદર વસ્ત્રો, સુગંધી પદાર્થો, ઘરેણાં આદિ આભૂષણો, સુંદર સ્ત્રીઓ અને પલંગ વિ. આસનો ભોગવતો નથી તેને વાસ્તવમાં ત્યાગી ન કહેવાય.**

૩. ધર્મ કયો છે? દેવો કોને નમસ્કાર કરે છે?

**અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે.**

**(૩) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

૧. નિશ્રા વગરના **અણિસ્સિયા** ૨. પામેલા **અણુપત્તા**

૩. દેખીશ **દિચ્છસિ** ૪. દેહનું દર્શન અરીસામાં કરવું **દેહપલોયણા**

**(૪) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. સંજયાઈ **સાધ્વીજીના** ૨. દાણ **દાતાના લીધે**

૩. સામુદ્દે **સમુદ્રનું મીઠું** ૪. અવાઉડા **ઉઘાડા, વસ્ત્રહીન**

૫. આવેઉં **પીવાને** ૬. ણિહુઓ **મનને સ્થિર કરી**

**(આ) નિયંઠાના આધારે લખો. (૨૫)**

**(૧) ખાલી જગ્યા પૂરો. (૧૦)**

૧. પડિસેવણા ...... અને ...... બહુત્તા હોય છે. **સંજ્ઞાબહુત્તા, નોસંજ્ઞા**

૨. ...... અને ...... માં સંયમસ્થાન એક હોય છે. **નિર્ગ્રંથ, સ્નાતક**

૩. ભજના એટલે ...... અથવા ...... . **હોય, ન હોય**

૪. શ્રુતજ્ઞાન આશ્રી બકુશને જઘ. ...... અને ઉ. ...... જ્ઞાન હોય. **અષ્ટ પ્રવચન, ૧૦ પૂર્વ**

૫. પુલાક પુલાકપણાને છોડીને ...... કે ...... માં જાય. **કષાયકુશીલ, અસંયમ**

૬. કષાયકુશીલમાં ......, ...... અને ...... પરિણામ હોય. **હિયમાન, વર્ધમાન, અવસ્થિત**

૭. સંહરણ અપેક્ષાએ પડિસેવણા ...... અને ...... માં હોય. **કર્મભૂમિ, અકર્મભૂમિ**

૮. પુલાકમાં ......, ...... કે ...... સમુદ્ઘાત હોય. **વેદનીય, કષાય, મારણાંતિક**

૯. ઘણા જીવ અપેક્ષા ...... અને ...... અંતર પડે. **પુલાક, નિર્ગ્રંથ**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. સ્નાતક કેટલા કર્મનો બંધ કરે? શા માટે?

**૧૩ મા ગુણસ્થાને યોગના ઉદયથી શાતા વેદનીય અને ૧૪ મા યોગના અભાવે અબંધક હોય છે.**

૨. સ્નાતક વધારે કે પડિસેવણા વધારે? કેટલા? બે શબ્દમાં લખો. **પડિસેવણા. સંખ્યાતગુણ.**

૩. કષાયકુશીલ સંજવલન માનનો ક્ષય કરે કે નહિ? જો કરે તો કયા કષાય હોય? ન કરે તો કયા કષાય હોય?

**હા, શ્રેણીમાં કરે. સંજવલન માયા, સંજવલન લોભ. ન કરે તો સંજવલન ચોક.**

૪. ભવ દ્વારમાં શેની ગણતરી કરી છે?

**ભવની સંખ્યા તેવા સાધુપણાના જ જે ભવ કરે તેને જ ગણતરીમાં લીધેલા છે.**

૫. આહાર દ્વાર લખો. **પ્રથમ પાંચ નિયંઠા આહારક. સ્નાતક આહારક, અણાહારક.**

૬. બકુશ કયા નિયંઠાથી છટ્ઠાણવડિયા છે? **બકુશ, પડિસેવણા, કષાયકુશીલ.**

૭. કલ્પાતીત કયા નિયંઠા હોય? **કષાયકુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક.**

૮. બકુશ અવેદી હોય? શા માટે? **ના કારણ કે શ્રેણી કરતા નથી.**

૯. પુલાક ઉત્કૃષ્ટ કેટલા દેવલોક સુધી જાય? ત્યાં ઉત્કૃષ્ટ કેટલી સ્થિતિ પામે? કેટલી પદવી પામે?

**સહસ્ત્રાર દેવલોક સુધી. ૧૮ સાગર. પુલાક ચાર પદવીમાંથી કોઇપણ એક પદવી પામે.**

૧૦. પુલાક ક્યારે ન હોય? **અવસર્પિણીકાળના ૧ લા, ૨ જા, ૬ ટ્ઠા આરામાં અને ઉત્સર્પિણીકાળના ૧ લા, ૨ જા આરામાં,૫ મા, ૬ ટ્ઠા આરામાં.**

**(૩) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. પડિસેવણા નિયંઠા ફોતરા કાઢેલી કચરા વિનાની શાળ જેવા છે.

**ખોટું. પડિસેવણા નિયંઠા ખળાની ઉપણેલી શાળ જેવા છે.**

૨. પ્રથમ ચાર નિયંઠામાં અનંતા સંયમ સ્થાન છે. **ખોટું. પ્રથમ ચાર નિયંઠામાં અસંખ્યાતા સંયમ સ્થાન છે.**

૩. સ્નાતકમાં યથાખ્યાત ચારિત્ર હોય છે. **સાચું.**

૪. એક અંત.માં પ્રત્યેક લાખ પુલાકનો સદ્ભાવ હોઈ શકે છે.

**ખોટું. એક અંત.માં પ્રત્યેક હજાર પુલાકનો સદ્ભાવ હોઈ શકે છે.**

૫. અવગાઢ ક્ષેત્ર કરતાં સ્પર્શના કંઈક અધિક જાણવી. **સાચું.**

**(ઇ) સંજયાના આધારે લખો. (૨૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ઘણા જીવ અપેક્ષા પરિહાર વિશુદ્ધ ચારિત્રનું જઘન્ય અંતર કેટલું? શા માટે?

**૮૪૦૦૦ વર્ષ કારણ કે અવસર્પિણી કાળના ૫ મા, ૬ ટ્ઠા આરામાં તથા ઉત્સર્પિણી કાળના ૧ લા, ૨ જા આરામાં પરિહાર ચારિત્ર ન હોય. તે ચારે આરા ૨૧૦૦૦ વર્ષના હોય માટે.**

૨. સંજયાનો કષાય દ્વાર લખો. **સામાયિક, છેદોપસ્થાપનીયમાં સંજવલન ૪–૩–૨ કષાય હોય. પરિહાર વિશુદ્ધમાં સંજવલનના ચાર, સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં માત્ર સંજવલન લોભ, યથા. અકષાયી (ઉપશાંત કે ક્ષીણ) હોય.**

૩. પહેલા અને ત્રેવીસમા તીર્થંકરના શાસનમાં કયા ચારિત્ર છોડીને કયા ચારિત્રને ગ્રહણ છે?

**જ્યારે પહેલા તીર્થંકરના સંયત બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે ત્યારે છેદો. ચારિત્ર છોડીને સામા. ચારિત્ર ગ્રહણ કરે છે. જ્યારે ૨૩ મા તીર્થંકરના સંયત ૨૪ મા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે ત્યારે સામા. ચારિત્ર છોડીને છેદો. ચારિત્ર ગ્રહણ કરે છે.**

૪. સંજયાની બીજી ગાથા લખો.

**જોગુવઓગ કસાએ લેસ્સા, પરિણામ બંધ વેદે ય ।**

**કમ્મોદીરણ ઉવસંપજહણ, સણ્ણા ય આહારે ॥**

૫. સૂક્ષ્મ સંપરાય ચારિત્રના ગુણસ્થાન કેટલા? કયા? તેના કેટલા ભેદ? કયા?

**એક દશમું. બે ભેદ ૧) સંકલેશ પરિણામ : તે ઉપશમ શ્રેણીથી પડનારા. ૨) વિશુદ્ધ પરિણામ : તે ઉપશમ અને ક્ષપક શ્રેણી પર ચડનારા.**

**(૨) નીચેના પ્રશ્નોના બે શબ્દમાં જવાબ લખો. (૧૦)**

૧. મહાવ્રતમાં કયા સંજયા દોષ લગાડે? **સામાયિક, છેદોપસ્થાપનીય**

૨. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર શ્રેણીમાં ક્યારે સ્પર્શે? **ચડતા, ઉતરતા**

૩. યથાખ્યાત ચારિત્રી જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા ભવ કરે? **જઘ. ૧, ઉત્. ૩**

૪. છ લેશ્યા કયા સંજયામાં હોય? **સામાયિક, છેદોપસ્થાપનીય**

૫. પરિહાર વિશુદ્ધ ચારિત્ર એક ભવ અને ઘણા ભવ અપેક્ષા ઉત્. કેટલીવાર આવે? **ત્રણ, સાત**

૬. યથાખ્યાત ચારિત્રમાં જ્ઞાન કોની અપેક્ષાએ હોય? **છદ્મસ્થ, કેવળી**

૭. એક ભવ આશ્રી બકુશપણું જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલીવાર આવે? **એક, પ્રત્યેક સો**

૮. સ્નાતકનો બંધ દ્વાર લખો. **શાતા વેદનીય, અબંધક**

૯. ચાર શરીર કયા નિયંઠામાં હોય? **બકુશ, પડિસેવણા**

૧૦. કયા તીર્થંકરના શાસનમાં સ્થિત કલ્પ જ હોય? **પહેલા, છેલ્લા**

**(૩) અયોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. પરિહારવિશુદ્ધ ચારિત્રમાં કયા કલ્પ હોય? **(અસ્થિત,** સ્થિત, કલ્પાતીત**)**

૨. છેદોપસ્થાપનીય ચારિત્ર કેટલીવાર આવે? **(**૧૨૦, ૭, ૯૬૦**)**

૩. સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં કેટલા કર્મની ઉદીરણા કરે? **(૨,** ૫, ૬**)**

૪. યથાખ્યાત ચારિત્ર કયા ભાવમાં હોય? **(ક્ષયોપશમ,** ક્ષાયિક, ઉપશમ**)**

૫. ઈત્વરિક સામાયિક ચારિત્ર કયા ક્ષેત્રમાં હોય? **(**ભરત, ઈરવત, **મહાવિદેહ)**

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

**૧. કોણ બોલે છે અને કોને કહે છે?** ૧) અમારા પર કૃપા કરો. **વિજયઘોષ જયઘોષ મુનિને કહે છે.**

૨) વેદોનું મુખ જાણતા નથી. **જયઘોષ મુનિ વિજયઘોષને કહે છે.**

૩) દીક્ષા લો. **જયઘોષ મુનિ વિજયઘોષને કહે છે.**

૨. બ્રાહ્મણ કોને કહે છે? તેના છેલ્લા ત્રણ બોલ લખો. **૮) જે મન, વચન અને કાયાથી મૈથુનનું સેવન કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૯) પાણીમાં જેમ કમળ નિર્લેપ રહે છે, તેમ જે મનુષ્ય કામભોગોથી અલિપ્ત રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૧૦) જે પૂર્વ સંયોગોને છોડીને કામભોગમાં આસક્ત થતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.**

૩. શ્રમણ, બ્રાહ્મણ, મુનિ અને તાપસ કોને કહે છે? **સમભાવ ધારણ કરવાથી શ્રમણ, બ્રહ્મચર્યના પાલન બ્રાહ્મણ, જ્ઞાન પ્રાપ્ત કરવાથી મુનિ અને તપ કરવાથી તાપસ કહે છે.**

૪. વિજયઘોષ બે હાથ જોડી જયઘોષ મુનિને શું પૂછે છે? **વેદોનું મુખ શું છે? યજ્ઞનું મુખ શું છે? નક્ષત્રનું મુખ શું છે? અને ધર્મનું મુખ શું છે? પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ કોણ છે? મને આ બધી બાબતો અંગે સંશય છે, તો કૃપા કરીને મને કહો.**

**૫. નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧) સાધુ સંસારની અસારતા સમજીને કયા માર્ગે પુરુષાર્થ કરતા રહે છે? **સાધના**

૨) કામભોગમાં આસક્ત મનુષ્ય શેમાં ચોંટી જાય છે? **વિષયોમાં**

૩) સાધુનો ઉપદેશ સાંભળીને જયઘોષને શું ઉત્પન્ન થયું? **વૈરાગ્ય**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. ભક્તામર **પ્રણત મૌલિ મણિ પ્રભાણા, મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનમ્ ।**

**સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા, વાલમ્બનં ભવ જલે પતતાં** જનાનામ્ ॥

**અર્થ : ભક્ત દેવોનાં નમેલાં મસ્તકોને વિશે રહેલા મુગુટમાં જડેલા મણિઓની પ્રભાને પ્રકાશિત કરનારા, કર્મ રૂપી પાપ અને અજ્ઞાન અંધકારના નાશક તથા સંસારસમુદ્રમાં પડેલા મનુષ્યોને યુગની આદિમાં આશ્રય રૂપ એવા શ્રી જિનેન્દ્ર ભગવાનનાં બંને ચરણોને રૂડા પ્રકારે નમસ્કાર કરીને.**

૨. દ્રષ્ટ્વા **ભવન્તમનિમેષ વિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુ: ।**

**પીત્વા પયઃ શશિકર ક્ષુતિદુગ્ધ સિન્ધોઃ, ક્ષારં જલં જલનિધેરસિંતુ ક** ઇચ્છેત્?॥

**અર્થ : અનિમેષ દૃષ્ટિ વડે અવલોકવા રૂપ આપના સ્વરૂપને એકવાર જોયા પછી મનુષ્યનાં ચક્ષુઓ બીજે સંતોષ પામતા નથી, ચંદ્રની ચાંદની સમાન ઉજ્જવળ અને મધુર ક્ષીરસમુદ્રનું દૂધ પીધા પછી, લવણસમુદ્ર નું ખારું પાણી પીવાની ઇચ્છા કોણ કરે ? (કોઈ જ ન કરે).**

૩. આસ્તાં **તવ સ્તવનમસ્ત સમસ્ત દોષમ્, ત્વત્સંકથાડપિ જગતાં દુરિતાનિ હન્તિ ।**

**દૂરૈઃ સહસ્ર કિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાસ** ભાંજિ ॥

**અર્થ : સમસ્ત પાપોના નાશ કરનારું તમારું સ્તવન તો દૂર રહો! પણ આપના (આ ભવના કે પરભવના) ચારિત્રની રૂડી કથા માત્ર ત્રણે જગતના જીવોનાં પાપોને હણી નાખે છે. જેમ સૂર્ય તો દૂર હોય છે, છતાં માત્ર તેની પ્રભા જ (ઉષાની કાંતિ) સરોવરમાં રહેલાં પદ્મકમળોને વિકસાવે છે તેમ.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક અથવા બે શબ્દમાં લખો.** **(૩)**

૧. કઈ ઋતુમાં કોયલ મધુર સ્વરે ટહુકા કરે છે? **વસંત**

૨. સૂર્ય સરોવરમાં શેને વિકસાવે છે? **પદ્મકમળો**

૩. પાણીમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ વગર વિચાર્યે પકડવાની ઈચ્છા કોણ કરે? **બાળક**

**જય – જિનેન્દ્ર**

- ❋ **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- ❋ **NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.**
- ❋ **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.**
- ❋ **FOR BOOKS AND EXAM REGISTRATION.**